DCC-004-001103 Seat No. ________

# B. Ed. (Sem. I) (CBCS) Examination

**May/June – 2015**

## EC-1 : Gujarati Method

**Faculty Code : 004**

**Subject Code : 001103**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (૧) વિભાગ-૧ના બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(૨) વિભાગ-૨ના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખવા.

(૩) બંને વિભાગના ઉત્તરો મુખ્ય ઉત્તરવહીમાં જ લખવા.

## વિભાગ – I

**1** MCQ : **20**

(1) પ્રાર્થનાસભામાં વાર્તા રજૂ કરનાર બાળકના કયા કૌશલ્યનો વિકાસ થાય ?

(A) શ્રવણ (B) કથન

(C) શ્રવણ અને કથન (D) એકપણ નહીં

(2) જ્ઞાનગંગોત્રી શાનું ઉદાહરણ છે ?

(A) સામયિક (B) શબ્દકોશ

(C) ભીંતપત્ર (D) વિશ્વકોશ

(3) કવિતા એ કાનની કલા છે. આ શબ્દાવલિ કઈ પ્રયુક્તિનું મહત્ત્વ દર્શાવે છે ?

(A) પ્રશ્નોત્તરી (B) કાવ્યમનન

(C) અંકપ્રકાશન (D) કાવ્યપઠન

(4) ત્રિપરિમાણદર્શક સારણીમાં શું ન હોય ?

(A) હેતુ (B) પ્રશ્નપ્રકાર

(C) મૂલ્યાંકન (D) વિષયવસ્તુના મુદ્દા

(5) આપેલમાંથી શિક્ષકકેન્દ્રી પદ્ધતિ કઈ છે ?

(A) વ્યાખ્યાન પદ્ધતિ

(B) પ્રકલ્પ પદ્ધતિ

(C) આગમન-નિગમન પદ્ધતિ

(D) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

(6) વિદ્યાર્થીને સ્વાધ્યાય શા માટે અપાય છે ?

(A) શીખવાની પ્રક્રિયા ઝડપી બનાવવા

(B) શીખ્યા હોય તેનું દઢીકરણ થાય

(C) શીખવા માટે તત્પર થાય

(D) શીખવવાનું હોય તે દર્શાવી શકાય

(7) કૃતિ પસંદ કરીને રૂપાંતર કર્યા બાદ રંગમંચ પર ભજવણી એ કઈ સહાભ્યાસ પ્રવૃત્તિનાં પગથિયાં છે ?

(A) વાર્તાલાપ (B) કવિસભા

(C) અંકપ્રકાશન (D) નાટ્યીકરણ

(8) કયા ઉપકરણના ઉપયોગ વડે વિદ્યાર્થીના શ્રવણ કૌશલ્યનો વિકાસ થઈ શકે ?

(A) ફ્લેશકાર્ડ (B) શબ્દકોશ

(C) રેડિયો (D) ચાર્ટ

(9) કઈ પ્રયુક્તિમાં ઉચ્ચારશુદ્ધિ અને આરોહ અવરોહનું મહત્ત્વ છે ?

(A) આદર્શ વાચન (B) પ્રસંગવર્ણન

(C) પ્રવાસ વર્ણન (D) એક પણ નહીં

(10) મૂલ્યાંકનની બાબતમાં પાઠ આયોજન અને એકમ આયોજન સંદર્ભે નીચેનામાંથી કયો વિકલ્પ યોગ્ય છે ?

(A) વિષમ હોય છે (B) સમાન હોય છે

(C) અતિસંક્ષિપ્ત હોય છે (D) હોતું જ નથી

(11) વિદ્યાર્થી શબ્દોનો અને રૂઢિપ્રયોગનો વાક્યપ્રયોગ કરે – આ કયો હેતુ છે ?

(A) જ્ઞાનપ્રાપ્તિ (B) અર્થગ્રહણ

(C) ઉપયોજન (D) રસાસ્વાદ

(12) સંક્ષિપ્તતા અને સચોટતાની સાથે અપેક્ષા અનુસાર લિખિત ઉત્તર મળે તેવો પ્રશ્નપ્રકાર ઓળખો.

(A) નિબંધ પ્રકાર (B) લઘુઉત્તર

(C) અનાત્મલક્ષી (D) આપેલ તમામ

(13) અહીં આપેલમાંથી દૃશ્ય-શ્રાવ્ય સાધન કયું છે ?

(A) ચાર્ટ (B) ભીંતપત્ર

(C) ટેપરેકોર્ડર (D) ટેલિવિઝન

(14) ભાષાશિક્ષક વિદ્યાર્થી દ્વારા એવી કઈ પ્રવૃત્તિ હાથ ધરી શકે જેમાં લખે તેનું લેખન સુધરે ને વાંચે તેનું વાચન સુધરે.

(A) અંક પ્રકાશન (B) કવિસભા

(C) વાર્તાલાપ (D) નાટ્યીકરણ

(15) વિદ્યાર્થીઓ આજ આનન્દ કાવ્ય આધારે વર્ષાઋતુના આગમન વિશે પાંચ-સાત વાક્યો બોલે – આ કયો હેતુ છે ?

(A) જ્ઞાનપ્રાપ્તિ (B) અર્થગ્રહણ

(C) અભિવ્યક્તિ (D) રસાસ્વાદ

(16) શિક્ષણના માધ્યમ તરીકે શાનો સ્વીકાર ઉત્તમ ગણાય છે ?

(A) દેવભાષા (B) મુખ્ય ભાષા

(C) ગૌણ ભાષા (D) માતૃભાષા

(17) જ્ઞાનનું સાતત્ય ન જળવાય અને જૂથના અનુભવોનું આદાનપ્રદાન ન થાય તેવું કઈ પદ્ધતિમાં બને છે ?

(A) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

(B) વ્યાખ્યાન પદ્ધતિ

(C) પ્રકલ્પ પદ્ધતિ

(D) એક પણ નહીં

(18) જો રજૂઆતનું માધ્યમ માતૃભાષા હોય તો શાની અસરકારકતા વધી જાય છે ?

(A) અભિવ્યક્તિ (B) હેતુ

(C) કસોટી (D) મૂલ્યાંકન

(19) પાઠ આયોજનના પાંચ સોપાનો કોણે આપેલ પંચપદી અનુસાર છે ?

(A) જ્હોન ડ્યૂઈ (B) હર્બાર્ટ

(C) બેન્જામિન બ્લૂમ (D) વિલિયમ ક્લિપેટ્રિક

(20) અહીં આપેલમાંથી ભાષાનું દશ્ય સ્વરૂપ આધારિત અર્થગ્રહણાત્મક કૌશલ્ય પસંદ કરો.

(A) લેખન (B) કથન

(C) શ્રવણ (D) વાચન

## વિભાગ – II

**1** નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર લખો : **6**

(1) વિદ્યાર્થીને પોતાની ગતિ અનુસાર અને સ્વપ્રયત્ને શીખવા મળે તેવી પદ્ધતિ કઈ છે ? તે પદ્ધતિની એક મર્યાદા લખો.

(2) શિક્ષણકાર્ય અંગે શિક્ષકની પૂર્વવિચારણાનો લેખિત આધાર એટલે શું ? તેનું મહત્ત્વ દર્શાવતો એક મુદ્દો લખો.

(3) કાવ્યના આસ્વાદની સામૂહિક તક કઈ સહઅભ્યાસ પ્રવૃત્તિથી પ્રાપ્ત થાય છે ? તેની એક ઉપયોગિતા લખો.

**2** નીચેનામાંથી કોઈપણ **પાંચ** પ્રશ્નોના ઉત્તર લખો : **15**

(1) નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદા જણાવો.

(2) કોઈ એક વિષયાંગ આધારે જ્ઞાનપ્રાપ્તિ, અર્થગ્રહણ અને અભિવ્યક્તિ સંબંધિત બે-બે વિશિષ્ટ હેતુની રચના કરો.

(3) વિદ્યાર્થીના લેખન કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ જણાવો.

(4) માતૃભાષાશિક્ષણના સંદર્ભમાં ટેપ રેકોર્ડરની ઉપયોગિતા લખો.

(5) સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુ વચ્ચેનો તફાવત દર્શાવતા મુદ્દા લખો.

(6) માતૃભાષા શિક્ષણની સહઅભ્યાસ પ્રવૃત્તિ અંકપ્રકાશનની ઉપયોગિતા જણાવો.

**3** નીચેનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નોનાં વિગતે ઉત્તર લખો : **15**

(1) માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિ તરીકે પ્રશ્નોત્તરીની સંકલ્પના અને મહત્ત્વ વિગતે લખો.

(2) અનાત્મલક્ષી પ્રશ્નોનું મહત્ત્વ અને મર્યાદા વર્ણવો.

(3) શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનું માતૃભાષાશિક્ષણનું મહત્ત્વ વર્ણવો.

(4) શૈક્ષણિક ચાર્ટનું સ્વરૂપ અને ઉપયોગિતા દર્શાવો.

4 (અ) નીચેનામાંથી કોઈ **એક** પ્રશ્નનો ઉત્તર સવિસ્તર લખો : 7

(1) આગમન-નિગમન પદ્ધતિની સંકલ્પના લખી તેનું મહત્ત્વ અને મર્યાદા વર્ણવો.

(2) માતૃભાષાના મૂળભૂત કૌશલ્યો ક્રમશઃ જણાવો. કથન કૌશલ્યની સંકલ્પના અને તેના વિકાસની પ્રવૃત્તિઓ વિગતે સમજાવો.

(બ) નીચેના પ્રશ્નનો ઉત્તર સવિસ્તર લખો : 7

તાસ પાઠ આયોજન તથા એકમ પાઠ આયોજનની સંકલ્પના અને સોપાનો લખો તથા બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.